# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-04-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન માટેની તૈયારીઓ પૂર્ણ – આજે 13 રાજ્યો – કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.
- ✓ સર્વોચ્ચ અદાલત EVMમાં VVPAT સ્લિપ સાથે નોંધાયેલા મતોની 100 ટકા ચકાસણીની માંગ કરતી અરજીઓ પર આજે પોતાનો ચુકાદો આપશે.
- ✓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) એ કરદાતા ફોર્મ 10A અને 10 AB ફાઇલ કરવાની અંતિમ તારીખ 30મી જૂન સુધી લંબાવી છે.
- ✓ રશિયામાં અટવાયેલા ભારતીયોને સ્વદેશ પરત લાવવા રશિયાના વિદેશ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય સહિત વિવિધ સ્તરે વાતચીતનો દોર ચાલી રહ્યો છે.
- ✓ આઈપીએલ ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઇકાલે સનરાઈઝર્સ હૈદરાબાદને 35 રનથી હરાવ્યું. આજે, કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે 7:30 વાગ્યે થશે.

## *REV-SECOND-PHASE-ELECTION*

**લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન માટેની તૈયારીઓ પૂર્ણ – આજે 13 રાજ્યો – કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 લોકસભા બેઠકો માટે મતદાન થશે.**

જેમાં કેરળની 20 બેઠકો, કર્ણાટકની 14 બેઠકો, રાજસ્થાનની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની ત્રણ-ત્રણ બેઠકો અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક આ તબક્કામાં મતદાન થશે. મધ્યપ્રદેશના બેતુલ સંસદીય મતવિસ્તાર માટે મતદાન જે બીજા તબક્કામાં નિર્ધારિત હતું તે હવે BSP ઉમેદવારના નિધનને કારણે ત્રીજા તબક્કામાં યોજાશે.

દરમિયાન આગામી 13મી મે ના રોજ યોજાનારી લોકસભાની ચોથા તબક્કાની ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારીપત્રોની આવતીકાલે ચકાસણી કરાશે. ઉમેદવારી પત્રો 29મી એપ્રિલ સુધીમાં પરત ખેંચી શકાશે. આથી લોકસભાની 96 બેઠકો માટે કેટલા ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. એ બાબત 29મી એપ્રિલે સ્પષ્ટ થશે.

ચોથા તબક્કામાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને જમ્મુ અને કાશ્મીરની 96 બેઠકોની ચૂંટણી યોજાવાની છે.

.................

## *FOURTH PHASE*

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી ભરવાની પ્રક્રિયા ગઈકાલે સાંજે પૂરી થઈ. આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે.

ઉમેદવારો 29મી એપ્રિલ સુધીમાં પોતાના નામ પરત ખેંચી શકશે. નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 96 લોકસભા બેઠકો માટે, 13મી મેના રોજ મતદાન થશે.

દેશભરમાં પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના આગ્રા, શાહજહાંપુર અને બરેલી જિલ્લામાં રેલીઓ યોજી હતી.

.................

## *BIHAR - PM VISIT*

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે બિહારમાં NDAના ઉમેદવારોના સમર્થનમાં બે જાહેરસભાઓને સંબોધશે.

પ્રથમ રેલી અરરિયા સંસદીય મતવિસ્તારના ફોર્બ્સગંજ એરપોર્ટ મેદાનમાં યોજાશે જ્યારે બીજી રેલી મુંગેર સંસદીય મતવિસ્તારના સફિયાસરાય એરપોર્ટ મેદાનમાં યોજાશે.

.................

## *LS POLL 5TH PHASE NOTIFICATION*

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ તબક્કામાં 6 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોની 49 લોકસભા બેઠકો પર ચૂંટણી યોજાશે.

આ પાંચમા તબક્કામાં ઉત્તરપ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની 7, ઓડિશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની ત્રણ અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠકો પર મતદાન થશે. 3જી મે સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. આ તબક્કા માટે 20મી મેના રોજ મતદાન થશે. ઓડિશામાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

.................

## *UP ELECTION 2ND PHASE*

ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કાની ચૂંટણીમાં 8 બેઠકો પર 1 કરોડ 67 લાખથી વધુ મતદારો 91 ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, ઉત્તરપ્રદેશની 8 લોકસભા બેઠકોના 17 હજાર 704 મતદાન મથકો પર મતદાન શાંતિપૂર્ણ રીતે શરૂ થયું. આ બેઠકોમાં રાજ્યના પશ્ચિમ અને બ્રજ પ્રદેશોમાં આવેલ અમરોહા, ગાઝિયાબાદ, ગૌતમ

બુદ્ધ નગર, અલીગઢ, મેરઠ, બુલંદશહર, મથુરા અને બાગપતનો સમાવેશ થાય છે.

આ 8 બેઠકોમાંથી, અમરોહા સિવાય 2019 માં ભાજપને 7 બેઠકો મળી હતી જ્યાં BSPના દાનિશ અલી જીત્યાં હતા. આ વખતે તેઓ કોંગ્રેસ-સમાજવાદી પાર્ટીના ગઠબંધન તરફથી આ જ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. મથુરા અને મેરઠના મતવિસ્તાર પરથી ફિલ્મ સ્ટાર્સ હેમા માલિની અને અરુણ ગોવિલ ચૂંટણી લડી રહ્યા છે, બાગપત બેઠક પરથી RDLના ઉમેદવાર રાજકુમાર સાંગવાનનો મુકાબલો સમાજવાદી પાર્ટી અને બસપાના ઉમેદવારો સાથે છે. આ 8 બેઠકો પર 10 મહિલાઓ સહિત કુલ 91 ઉમેદવારો મેદાનમાં છે.

.................

## *SUPREME COURT-EVMs & VVPAT*

સર્વોચ્ચ અદાલત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ (VVPAT) સ્લિપ સાથે નોંધાયેલા મતોની 100 ટકા ચકાસણીની માંગ કરતી અરજીઓ પર આજે પોતાનો ચુકાદો આપશે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની ખંડપીઠે બે દિવસની વિસ્તૃત સુનવણી બાદ 18 એપ્રિલે એસોસિએશન ઑફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) સહિતની અનેક અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ કેસની સુનવણી 18 એપ્રિલે પૂરી થઈ હતી અને તે જ દિવસે 24 એપ્રિલે કેસની સુનાવણી માટે ચુકાદો સંભળાવવા માટે અનામત રાખવામાં આવ્યો હતો. 24 એપ્રિલે અદાલતે તેના નિર્ણય પર રોક લગાવી દીધી હતી અને કેટલાક મુદ્દાઓ પર ચૂંટણી પંચ પાસેથી વધુ સ્પષ્ટતા માંગી હતી. સુનવણી દરમિયાન, ખંડપીઠે ચૂંટણી પંચને EVM અને VVPATની કામગીરી અને તેમની સુરક્ષા વિશેષતાઓ વિશે પૂછ્યું હતું. સર્વોચ્ચ અદાલતે 24 એપ્રિલના રોજ ફરીથી ECI પાસેથી વધુ સ્પષ્ટતા માંગી હતી.

ન્યાયાધીશ ખન્નાએ ચૂંટણી પંચને સ્પષ્ટતા કરવા કહ્યું કે કંટ્રોલ યુનિટમાં માઇક્રો કંટ્રોલર લગાવવામાં આવ્યું હતું કે VVPAT. આ મામલે બે નિર્ણયો

લેવાશે. એક નિર્ણય ન્યાયાધીશ ખન્ના અને બીજો નિર્ણય ન્યાયાધીશ દત્તા લેશે. બંને જજ અલગ અલગ ચુકાદો આપશે.

.................

## TAX FORM SUBMISSION

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) એ કરદાતા ફોર્મ 10A અને 10 AB ફાઇલ કરવાની અંતિમ તારીખ 30મી જૂન સુધી લંબાવી છે.

CBDT એ વધુ સ્પષ્ટતા કરી કે જો આવા કોઈ વર્તમાન ટ્રસ્ટ, અથવા ફંડ આકારણી વર્ષ 2022-23 માટે ફોર્મ 10A ફાઇલ ના કર્યું હોય, તો તેઓ ફોર્મ 10AC ને સરન્ડર કરી  અને AY 2022-23 માટે નોંધણી માટે અરજી કરવાની આ તકનો લાભ લઈ શકે છે.

CBDT દ્વારા મળેલી રજૂઆતોને પગલે તારીખ લંબાવવામાં આવી છે. સીબીડીટીએ એ પણ સ્પષ્ટ કર્યું કે ટ્રસ્ટ, સંસ્થાઓ અથવા ફંડ કે જેમની પુન: નોંધણી માટેની અરજીઓ ફક્ત મોડેથી ફાઇલ કરવા અથવા ખોટા સેક્શન કોડ હેઠળ ફાઇલ કરવાને કારણે નકારી કાઢવામાં આવી હતી તેઓ પણ આ સમયમર્યાદામાં ફોર્મ 10AB માં નવી અરજી સબમિટ કરી શકે છે.

.................

## RASIA

રશિયામાં અટવાયેલા ભારતીયોને સ્વદેશ પરત લાવવાના ઝડપી પ્રયાસોના ભાગ રૂપે રશિયાના વિદેશ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલય સહિત વિવિધ સ્તરે વાતચીત શરૂ.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે દિલ્હીમાં મીડિયાને સંબોધતા કહ્યું કે રશિયામાં અટવાયેલા અને એમબસીના સંપર્કમાં રહેલા અને મુક્ત થવા માગતા તમામ લોકોને ભારત પાછા લાવવા માટે પ્રતિબદ્ધતા દોહરવી હતી.

.................

## P.M SOCIAL MEDIA

પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના રાષ્ટ્રપતિ જ્યોર્જિયા મેલોની સાથે વાત કરી,તેમને જૂનમાં G-7 સમિટમાં આમંત્રિત કરવા બદલ તેમનો આભાર માન્યો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી કહ્યું કે આ સંકેતે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. તેમણે ઉમેર્યું હતું કે તેઓએ G7 ખાતે G20 India ના પરિણામોને આગળ લઈ જવા અંગે પણ ચર્ચા કરી હતી.

શ્રી મોદીએ પણ ઇટાલીના લોકોને દેશની મુક્તિ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

..................

## REV. NT. IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઇકાલે સનરાઈઝર્સ હૈદરાબાદને 35 રનથી હરાવ્યું. 207 રનના ટાર્ગેટનો પીછો કરતા સનરાઇઝર્સ હૈદરાબાદ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 171 રન બનાવી શકી હતી.

આજે, કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે સાંજે 7:30 વાગ્યે થશે.

..................

## ASIAN U20 ATHLETICS

દુબઈમાં રમાઈ રહેલ 21મી એશિયન 20 વર્ષથી ઓછી ઉંમરની એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓએ, પુરુષો અને મહિલાઓની 3 હજાર મીટર સ્ટીપલચેઝ સ્પર્ધામાં પ્રભુત્વ જણાવ્યું છે.

દુબઈમાં સ્પર્ધાના બીજા દિવસે સુવર્ણ ચંદ્રકની સંખ્યા ત્રણ થઈ ગઈ હતી. એકતા ડેએ મહિલાઓની 3 હજાર મીટર સ્ટીપલચેઝમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે રણવીર સિંહે પુરુષોની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

આ પહેલા અનુરાગ સિંહ કાલેરે પુરુષોની શોટ-પુટ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. સવારના સત્રમાં, રેસ વોકર આરતીએ મહિલાઓની 10 હજાર મીટર સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક  જીત્યો હતો. ડિફેન્ડિંગ ચેમ્પિયન સિદ્ધાર્થ ચૌધરીએ તેના બીજા પ્રયાસમાં 19.02 મીટરના થ્રો સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. અમાનત કંબોજે સર્વશ્રેષ્ઠ 50.45 મીટર થ્રો સાથે રજત ચંદ્રક જીત્યો હતો. અમન ચૌધરીએ પુરુષોની 400 મીટરમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

.................

## *PARA SHOOTING*

પેરા-શૂટિંગમાં, ભારતીય પેરા-શૂટર મોના અગ્રવાલે મહિલાઓની 10 મીટર એર રાઈફલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યારે આર્મી મેન અમીર અહેમદ ભટ્ટે ગઈકાલે રાત્રે કોરિયાના ચાંગવોનમાં વર્લ્ડ શૂટિંગ પેરા સ્પોર્ટ ટુર્નામેન્ટમાં 25 મીટર પિસ્તોલમાં રજત ચંદ્રક જીત્યો છે. 37 વર્ષની મોનાએ ફાઇનલમાં 250.8ના સ્કોર સાથે R2-10 મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ SH1 સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

.................

## *BIHAR*

બિહારમાં, લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ પૂર્ણિયા, કટિહાર, ભાગલપુર, કિશનગંજ અને બાંકા એમ પાંચ લોકસભા બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે. આ પાંચ સંસદીય ક્ષેત્રોના લગભગ 94 લાખ મતદારો 50 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

વિવિધ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. યુવા અને મહિલા મતદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સીમાંચલ પ્રદેશ હેઠળ આવતા કિશનગંજ, કટિહાર અને પૂર્ણિયાના મતવિસ્તારના મતદાન કેન્દ્રો પર વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. કિશનગંજમાં પશ્ચિમ બંગાળ સાથેની આંતર રાજ્ય સરહદ સીલ કરી દેવામાં આવી છે. અનેક બૂથ પરથી લાઈવ વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

બાંકા સંસદીય મતવિસ્તારમાં કટોરિયા અને બેલ્હારના નક્સલ પ્રભાવિત વિસ્તારોના કેટલાક બૂથ પર સામાન્ય સમય પહેલાં મતદાન પૂર્ણ થશે. ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારમાં મતદાન સાંજે 4 વાગ્યે સમાપ્ત થશે.

કટિહાર લોકસભા મતવિસ્તારમાં કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી તારિક અનવર, પૂર્વ સાંસદ અને પૂર્ણિયાથી અપક્ષ ઉમેદવાર પપ્પુ યાદવ, કિશનગંજથી એ.આઈ.એમ.આઈ.એમ.ના પ્રદેશ અધ્યક્ષ અખ્તરુલ ઈમાન, બાંકાથી પૂર્વ કેન્દ્રીય મંત્રી અને આરજેડીના ઉમેદવાર જય પ્રકાશ નારાયણ યાદવ અને વર્તમાન જેડી(યુ) સાંસદ આ તબક્કામાં ભાગલપુરથી અજય કુમાર મંડલ અગ્રણી ઉમેદવાર છે.

બધાની નજર પૂર્ણિયા લોકસભા સીટ પર છે જ્યાં હરીફાઈ ત્રિકોણીય છે કારણ કે JD(U) ના ઉમેદવાર સંતોષ કુશવાહા, RJD નોમિની બીમા ભારતી અને અપક્ષ પપ્પુ યાદવ મેદાનમાં છે. કિશનગંજમાં, કોંગ્રેસના ઉમેદવાર મુહમ્મદ જાવેદ, જેડી(યુ) ના ઉમેદવાર મુઝાહિદ આલમ અને એઆઈએમઆઈએમના પ્રદેશ પ્રમુખ અખ્તરુલ ઈમાન વચ્ચે મલ્ટી કોર્નર હરીફાઈ પણ જોવા મળી રહી છે.

NDA તરફથી JD(U) ના પાંચ ઉમેદવારોની ચૂંટણીનું નસીબ દાવ પર છે કારણ કે પાર્ટી આ તબક્કાની તમામ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. બીજી તરફ મહાગઠબંધન તરફથી કોંગ્રેસે ત્રણ અને આરજેડી 2 બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

.................